# 10. ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) નીચેનામાંથી કયું વાક્ય બંધબેસતું નથી?

(A) વિકૃતિ એટલે સહજ સ્વભાવ

(B) પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ

(C) સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું

(D) વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું

2) વિકૃતિઓ ક્યારે ક્ષીણ થતી જશે?

(A) માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ ઘટતી જશે ત્યારે

(B) માણસમાં પશુવૃત્તિ આવતી જશે ત્યારે

(C) દુનિયાભરની સંસ્કૃતિનો અભ્યાસ કરવાથી

(D) માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ વધતી જશે ત્યારે

3) 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' પાઠના આધારે ભારત પાસે અદ્વિતીય એવું શું છે?

(A) માનવસંપદા

(B) વિચારસંપદા

(C) પ્રાણીસંપદા

(D) વૈભવી રહેણીકરણી

2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

1) પ્રાચીન સમયના કોઈ ઋષિ આજે આવે તો તે શું કહેશે ?

- પવિત્ર ભૂમિ ભારતનાં સંતાનો એવા આપણી અંદર એક અખંડ તંતુ કાયમ છે. આપણામાં કોઈક શાશ્વત, સ્નિગ્ધ, ચવડ, કઠોર અને જીવતરવાળી વસ્તુ છે, જે બદલાતી નથી. તેથી પ્રાચીન સમયના

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કોઈ ઋષિ આજે આવે, તો તેમને આપણો બાહ્ય વેશ ભલે જુદો દેખાય, પરંતુ તેમને આપણામાં એવું કંઈક અવશ્ય દેખાશે, જેથી એ ઋષિ કહેશે કે આ મારાં જ બાળકો છે.

### 3. નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :

ઉપવાસ કરવો એ સંસ્કૃતિ છે. આપણે મહેનત કરીને ખાઈએ છીએ, તે આપણી પ્રકૃતિ છે. આપણે જાતે મહેનત કરવાનું ટાળીશું, બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવતાં રહીશું, તે આપણી વિકૃતિ છે.

1) બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવવાની વૃત્તિને શું કહેવાય ?

- બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવવાની વૃત્તિને વિકૃતિ કહેવાય.

2) ઉપવાસને લેખક શું કહે છે ?

- ઉપવાસને લેખક સંસ્કૃતિ કહે છે.

3) 'પ્રકૃતિ'ને સમજાવવા લેખકે શું કહ્યું છે?

- 'પ્રકૃતિ'ને સમજાવવા લેખકે કહ્યું છે કે, આપણે મહેનત કરીને ખાઈએ છીએ તે આપણી પ્રકૃતિ છે.

4) આ પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

- 'સંસ્કૃતિ, પ્રકૃતિ અને વિકૃતિ' એ આ પરિચ્છેદ માટે યોગ્ય શીર્ષક છે.

### 4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

1) 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' પાઠમાંથી ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ લખો.

- ભારતીય સંસ્કૃતિની વિશેષતા એ છે કે તે મનુષ્યને પશુતામાંથી માનવતા તરફ આગળ લઈ જાય છે, જેને સંસ્કૃતિવર્ધન કહે છે. આપણી સંસ્કૃતિ શીખવે છે કે વિકૃતિ આપણી હોય કે બીજા દેશની, તે હંમેશાં વર્જ્ય છે. ભારતીય સંસ્કૃતિ પ્રયોગશીલ છે. તેની પાસે અદ્વિતીય વિચારવૈભવ અને આધ્યાત્મિક વિચારસંપદા છે. ભારતીય સંસ્કૃતિએ શબ્દોની એક અખંડ પરંપરા જાળવી રાખી છે. શબ્દશક્તિ અસ્ખલિત પ્રવાહરૂપે વિકસિત થઈ છે. ભાષાઓ બદલાઈ છે, પણ આપણી જ્ઞાન-પરંપરા ખંડિત થઈ નથી. ભારતીય સંસ્કૃતિએ સ્થળ-કાળના ભેદો છતાં એકતાનું દર્શન કરાવ્યું છે. પરમ પવિત્ર એવા ભારતદેશમાં તુલસીદાસજી, નરસિંહ મહેતા, શંકરદેવ અને માધવદેવ જેવા અનેક ભક્તજનોએ પોતે જ્યાં જન્મ લીધો છે તે પ્રદેશની પ્રાદેશિકતાના નહિ, પણ સમગ્ર ભારતભૂમિનાં ગૌરવગાન ગાયાં છે. જે સંસ્કૃતિ વિભિન્ન ભાષાઓ અને અપરંપાર વિવિધતા ધરાવાતા આ ભારતદેશને એક માને છે, એ જ આપણી ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ અને વિશેષતા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in